બેગલેસ દિવસો"નું આયોજન

# પ્રિ-વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત "10 બેગલેસ દિવસો"નું આયોજન

| દિવસ | તારીખ | પ્રિ-વોકેશનલ એજ્યુકેશન અન્વયેની પ્રવૃત્તિઓ | માર્ગદર્શક શિક્ષકનું નામ | નોંધ |
|---|---|---|---|---|
| 1 | 08 -02 -2024 | પતંગ બનાવવો, રાષ્ટ્રધ્વજ બનાવવો તથા રાષ્ટ્રધ્વજ રંગપૂરણી કરવી. | | |
| 2 | 09 -02 -2024 | સ્થાનિક વ્યવસાયકારોની મુલાકત કરવી અને તેના કાર્યમાં વપરાતા ઓજારોની ઓળખ મેળવવી. તથા કાર્ય નિરીક્ષણ અને પરિસંવાદ. | | |
| 3 | 10 -02 -2024 | ભારતીય સાંસ્કૃતિક વારસો તથા ઉત્સવોની ઉજવણી કરવી અને તેના મહાત્મયની સમજ કેળવવા વેશભૂષા થકી જૂથપ્રમાણે ઉજવણી કરવી જેમાં એક ભારત શ્રેષ્ઠ ભારત અભિયાનને આવરી ઉત્સવ ઉજવણી કરવી. | | |
| 4 | 12 -02 -2024 | અર્બન હેલ્થ સેંટર ની મુલાકાત | | |
| 5 | 13 -02 -2024 | હરીપુરા ગાર્ડનની મુલાકાત, માળી સાથે વિવિધ છોડ વિષેની માહિતી | | |
| 6 | 14 -02 -2024 | સામાન્ય જીવનવ્યવહારમાં જરૂરી બાબતોનું જાતઅનુકરણ(બટન ટાંકવા, ટાયર પંક્ચર બનાવવા, ગેસ સ્ટવ ચલાવવો, ફ્યુઝ બાંધવો, વિવિધ પ્રકારની ગાંઠ વાળતાં શિખવું) | | |
| 7 | 15 -02 -2024 | સરકારી ચાવડીની મુલાકાત | | |
| 8 | 16 -02 -2024 | આપત્તિ વ્યવસ્થાપન મોકડ્રીલ... અને પોસ્ટઓફીસ તથા બસ સ્ટેશન અને ગામની અસારવા દાદા હરિની વાવ ની મુલાકાત | | |
| 9 | 17 -02 -2024 | સરસપુર આઇ. ટી. આઇ ની મુલાકાત. | | |
| 10 | 19 -02 -2024 | જૂથ પ્રમાણે વેસ્ટમાથી બેસ્ટ અને ઇનોવેશનલ શાળા તથા વર્ગ સુશોભન અને શણગાર કાર્ય. | બધા શિક્ષકો | |

**તા. 8/2/2024**

**ગુરુવાર**

~ પતંગ બનાવવો, રાષ્ટ્ધ્વજ બનાવવો તથા રાષ્ટ્રધ્વજ રંગપુરણી કરવી.

આજરોજ શિક્ષક પિનલબેન ધ્વારા બાળકોને ગ્રુપ બનાવી કાગળમાંથી પતંગ બનાવવાની પ્રવૃત્તિ કરાવવામાં આવી. વિધાર્થીઓએ સુંદર મજાનાં પતંગ બનાવ્યા. ત્યારબાદ કાગળમાંથી રાષ્ટ્રધ્વજ બનાવવાની પ્રવૃત્તિ કરાવી. અને રાષ્ટ્રધ્વજ ના રંગપુરણી પણ કરાવી. વિધાર્થીઓને ખૂબ મજા આવી.

તા. 9/2/2024

શુક્રવાર

~ સ્થાનિક વ્યવસાયકારોની મુલાકત કરવી અને તેના કાર્યમાં વપરાતા ઓજારોની ઓળખ મેળવવી. તથા કાર્ય નિરીક્ષણ અને પરિસંવાદ.

વિધાર્થીઓને દસ દિવસ બેગલેસ દિવસ દરમિયાન પ્રવૃત્તિ દરમિયાન 9 -2 2024 ના રોજ અમારી શાળામાંથી વિધાર્થીને સ્થાનિક વ્યવસાયકારોની મુલાકાત કરાવી. તેના વિવિધ ઓજારો ઓજારો વ વિશેની માહિતી આપવામાં આવી હતી. તેના માટે સૌથી પહેલા વિધાર્થીઓને લેથ મશીન કઈ રીતે કામ કામ થાય છે. વિવિધ પ્રકારની ડાયા દ્વારા કઈ રીતે ડાય બનાવવામાં આવે છે તેની પણ સમજ આપવામાં આવી હતી. આ પછી વિધાર્થીઓને વાળંદની મુલાકાત કરવામાં આવી હતી જેમાં વાણંદ દ્વારા કઈ રીતે વાળ કાપવામાં આવે છે, કઈ રીતે દાઢી કરે છે તેને વિધાર્થીઓને માર્ગદર્શન આપે તેના વિવિધ ઓજારો ખાતર અસ્ત્રો અને વિવિધ પ્રકારના વિધાર્થીઓને બતાવી અને તેના વિશે સમજ આપવામાં આવી હતી.

તા. 10/2/2024

શનિવાર

~ ભારતીય સાંસ્કૃતિક વારસો તથા ઉત્સવોની ઉજવણી કરવી અને તેના મહાત્મયની સમજ કેળવવા વેશભૂષા થકી જૂથપ્રમાણે ઉજવણી કરવી જેમાં એક ભારત શ્રેષ્ઠ ભારત અભિયાનને આવરી ઉત્સવ ઉજવણી કરવી.

10/ 2/2024 ભારતના સાંસ્કૃતિક વારસો જેમાં જે વાત કરીએ તો વિવિધ પ્રકારના મંદિરો,મસ્જિદ મકબરા, તળાવ, રાણીની વાવ, વગેરે વિશે વાત કરી તેનું ભારતીય સમાજમાં મહત્વ વિશેની વાત કરવામાં આવી હતી. વિદ્યાર્થીને અસારવામા આવેલી સ્થાનિક દાદા દાદાહરિની મુલાકાત કરાવી તેના વિશે, તેરા સ્થાપત્યનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિદ્યાર્થીઓને વિવિધ ઉત્સવોની ઉજવણી દ્વારા કઇ રીતે તાદાત્મક સધાય છે .તેની સમજ આપવામાં આવી હતી,જેમકે ઉતરાયણના તહેવાર છે જે કોઇ પણ એક ધર્મના લોકો નહીં પણ બધા ધર્મના લોકો સાથે મળી ઉજવે છે. આ ઉપરાંત રાષ્ટ્રીય તહેવારો પણ એવી જ રીતે બધા ધર્મના લોકો સાથે મળી ઉજવે છે.રક્ષાબંધન પણ બધા ધર્મના લોકો એકબીજા સાથે ઉજવે છે.

તા. 12/2/2024

સોમવાર

~ અર્બન હેલ્થ સેંટર ની મુલાકાત

તારીખ 12-02 2024 ના રોજ અમારી શાળામાંથી અસારવાની હેલ્થ સેન્ટરની મુલાકાત લેવામાં આવતી હતી. જેમાં સૌપ્રથમ કોઈપણ દર્દી આવે તો સૌ પ્રથમ શું કરવી તે માટે સૌથી પહેલા કેસ લખાવો પછી જે તે લાયન પ્રમાણે જે તે વિભાગના ડોક્ટરને મળવું મળ્યા બાદ ડોક્ટર જે તે દર્દીની તપાસ કેવી રીતે કરે છે એના તપાસ કર્યા પછી તેને દવા આપી અને દવા પછી જે તે દવાની બારી પરથી લેવાની થાય છે તેની વિદ્યાર્થીઓની નિદર્શન કરાવી તેમના કાર્ય વિશેની સમજ બાળકોને આપી હતી સેન્ટરમાં સૌથી પ્રથમ આયા પછીની જે વાત કરીએ દવા લેવા સુધીની પ્રક્રિયા તમને ત્યાં નર્સ દ્વારા સમજાવવામાં આવી હતી. સેન્ટરમાં વિવિધ વિભાગ હોય છે,જેમાં વિવિધ પ્રકારના રોગોની આયુર્વેદિક સારવારની જવાબ આપવામાં આવે છે ત્યારબાદ બહેનશ્રી દ્વારા રોગનું નિદાન કરી અને આયુર્વેદિક દવા આપી તેની પણ સમજ આપવામાં આવી હતી.

તા. 13/2/2024

મંગળવાર

~ હરીપુરા ગાર્ડનની મુલાકાત, માળી સાથે વિવિધ છોડ વિષેની માહિતી

તારીખ 13 2 2024 અત્રેની અસારવા શાળા નંબર 2 માં તારીખ 13 /2 /2024 ના રોજ ફ્રી વોકેશન તારીખ અંતર્ગત અમારી સ્કૂલના બાળકોએ હરિપુરા ગાર્ડનની મુલાકાત લીધી ગાર્ડનમાં બાળકો મારી સાથે મુલાકાતમાં દરેક ફૂલ છોડ નો પરિચય મેળવ્યો તેમાં ફૂલ છોડ ઉપરાંત ઔષધીય છોડની પણ માહિતી મેળવી ઔષધીય છોડનું ઉપયોગ કરી શકાય તેની શિક્ષકોએ માહિતી આપી બગીચામાં સ્વચ્છતા ની જાળવણી ફુલછોડ ના ઉછેર માટે શું શું કરવું તેની માળીએ જાણકારી આપી સૌ વિદ્યાર્થીઓએ ગાર્ડનની મુલાકાત દરમિયાન પોતાની શાળામાં કયા કયા છોડાવવા અને તેની શું કાળજી રાખવી તેની પણ માહિતી મારી પાસેથી લીધી સૌ બાળકો હરીપુરા ગાર્ડનની મુલાકાત લઈ અને આનંદમાં આવી ગયા.

તા. 14/2/2024

બુધવાર

~ સામાન્ય જીવનવ્યવહારમાં જરૂરી બાબતોનું જાતઅનુકરણ (બટન ટાંકવા, ટાયર પંક્ચર બનાવવા, ગેસ સ્ટવ ચલાવવો, ફ્યુઝ બાંધવો, વિવિધ પ્રકારની ગાંઠ વાળતાં શિખવું)

તારીખ 14 2 2024 સામાન્ય જીવન વ્યવહારમાં જરૂરી બાળકોનું જાત અનુકરણ બટન ટાંકવા ટાયર પંચર બનાવવા ગેસ સ્ટવ ચલાવવું ફ્યુઝ બાંધવું વિવિધ પ્રકારની ગાંઠ વાળવી જેવી પ્રવૃત્તિઓનું સ્કૂલમાં બાળકોની પ્રત્યક્ષ માર્ગદર્શન મળી રહે તે માટે તારીખ 14 2 2024 ના રોજ આયોજન કરવામાં આવ્યું તેમાં સામાન્ય જીવન વ્યવહારમાં જરૂરી બાબતો જેવી કે બટન ટાંકવા તેનું બાળકોને શીખવાડવામાં આવ્યું ટાયર પંચર કેવી રીતે બનાવવા ગેસ્ટ કેવી રીતે ચલાવવું ફ્યુઝ બાંધવો ઇસ્ત્રી કરવી બેડ ની પથારી કરવી જેવી સામાન્ય વ્યવહારમાં ઉપયોગી બાબતોની પ્રવૃતિ બાળકોને કરાવવામાં આવી જેથી કરીને બાળકો પોતાની જાતે આ બધી પ્રવૃત્તિઓ શીખી શકે અને ઘરમાં પણ મદદરૂપ થઇ શકે તે માટે બાળકોને પ્રવૃત્તિઓ કરાવીને જરૂરી માર્ગદર્શન આપવામાં આવી આ પ્રમાણે બાળકોને જીવન કૌશલ્યો આધારિત પ્રવૃત્તિઓ કરાવવામાં આવી.

તા. 15/2/2024

ગુરુવાર

## ~ સરકારી ચાવડીની મુલાકાત

તારીખ 15 2 2024 સરકારી ચાવડી ની મુલાકાત ફ્રી વોકેશનલ અંતર્ગત અમારી શાળા માંથી સરકારી ચામડીની મુલાકાત બાળકોને કરાવવામાં આવી જેમાં સરકારી ચાવડીમાં શુ શુ કામગીરી થઈ શકે તે માટેની ક્યાના અધિકારીઓએ બાળકોની માહિતી આપી સરકારી ચામડીમાં જન્મ મરણના દાખલા જન્મની નોંધણી મૃત્યુની નોંધણી જરૂરી જીવન વ્યવહારિક જરૂરી સરકારી પુરાવા સરકારી ડોક્યુમેન્ટ માટે શું શું કામ કરવું અને શું શું ત્યાંથી માહિતી મળી શકે અને સરકારી લાભો માટે જરૂરી કાર્ડની પણ ત્યાંથી  ત્યાંથી નીકળી શકે અને તે માટે શું શું પુરાવા લાવવા તેની પણ જરૂરી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવી સરકારી ચાવડીમાં જીવન જરૂરિયાતની શું શું માહિતી મેળવી શકાય તેની ત્યાંના અધિકારીઓએ  જરૂરી માહિતી અને માર્ગદર્શન આપી સૌ બાળકોને આ માહિતીથી પોતાના વાલીઓને વાકેફ કરવા માટે પણ શાળામાંથી શિક્ષકો દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવી

તા. 16/2/2024

શુક્રવાર

## ~ આપત્તિ વ્યવસ્થાપન મોકડ્રીલ... અને પોસ્ટઓફીસ તથા બસ સ્ટેશન અને ગામની અસારવા દાદા હરિની વાવ ની મુલાકાત

તારીખ 16 2 2024 ને શુક્રવારના રોજ અમારી શાળા અસારવા ગુજરાતી શાળા નંબર બે માં આપત્તિ વ્યવસ્થાપન તથા તેનો મોડ ડ્રીલ કરાવવામાં આવ્યું હતું. આપત્તિ એટલે શું?અને આપત્તિ આવી પડે ત્યારે બાળકોને કેવી તકેદારી રાખવી જોઇએ તથા કેવી કાળજી લેવી જોઈએ તેની સમજ આપવામાં આવી હતી. જેમકે ભૂકંપ આવે ત્યારે બાળકોએ ખુબ જ સાવચેતી પૂર્વક પાટલીઓ નીચે, ટેબલ નીચે પોતાના શરીરનું ધ્યાન રાખીને બેસી જવું જોઈએ. અથવા તો જલ્દીથી માથા પર દફતર મૂકીને ખુલ્લા મેદાનમાં ફટાફટ પહોંચી જવું જોઈએ. આગ લાગે ત્યારે કેવા પ્રકારની આગ લાગી છે તે આધારિત રેતી, પાણી અને ક્લાસરૂમમાં લગાવેલ co2 પાવડર વગેરેનો ઉપયોગ કેવી રીતે કરવો તે વિશે બાળકોને સમજાવવામાં આવ્યું હતું. તથા આપત્તિ જેવી કે પુર,ભૂકંપ,વાવાઝોડું વગેરે આવે ત્યારે બાળકોએ પ્રાથમિક લેવલે શું કરવું?તેના વિશે સમજ આપવામાં આવી હતી.તે ઉપરાંત બાળકોને શૈક્ષણિક પ્રવૃત્તિ અંતર્ગત બસ સ્ટેશનની મુલાકાત પોસ્ટ ઓફિસની મુલાકાત તથા દાદા હરિ ની મુલાકાત લેવડાવવામાં આવી હતી. દાદાહારી ની વાવમાં બાળકોને ત્રણ ભાષા જેવી કે સંસ્કૃત ઉર્દુ અને ફારસી મા લેખન કાર્ય કરેલ છે તેનું નિદર્શન કરાવવામાં આવ્યું હતું તથા ત્યાં બાળકોને રાણીનો કૂવો બતાવવામાં આવ્યો હતો અને બાળકો ખૂબ જ શાંતિથી મુલાકાત લીધી હતી. આમ આ સમગ્ર મુલાકાત દરમિયાન બાળકોને ખૂબ જ મજા આવી હતી.

તા. 17/2/2024

શનિવાર

## ~ સરસપુર આઇ. ટી. આઈ ની મુલાકાત.

તારીખ 17/2/2024 ને શનિવારના રોજ અમારી શાળા અસારવા ગુજરાતી શાળા નંબર 2 ના ધોરણ 6 થી 8 ના 35 બાળકોને સરસપુર ખાતે આઇ.ટી.આઇ ની મુલાકાત લેવડાવવામાં આવી હતી. ત્યાં અમારી શાળાના મુખ્ય શિક્ષક તથા અન્ય એક આસિસ્ટન્ટ શિક્ષક પણ હાજર રહ્યા હતા. આ આઈ.ટી.આઈ માં બાળકોને વિજ્ઞાન વિષયના કેટલાક રસપ્રદ નમૂના બતાવવામાં આવ્યા હતા તથા બીજા અન્ય સેન્સર

આધારિત નમુના જેમકે તાળી પાડવાથી લાઈટ ચાલુ બંધ થાય જેવા અન્ય નમૂના બતાવવામાં આવ્યા હતા. તે ઉપરાંત બાળકોને કોમ્પ્યુટર લેબમાં કોમ્પ્યુટર પ્રોગ્રામિંગ શીખવવામાં આવ્યું હતું તથા વાયરમેન બનવા માટેની તાલીમ અંતર્ગત કેટલીક માહિતી આપવામાં આવી હતી. તે ઉપરાંત ઈલેક્ટ્રીક વાહનો જેમકે કોલસાથી ચાલવા વાળા પેટ્રોલ થી ચાલવા વાળા અને બેટરી થી ચાલવા વાળા વગેરે જેવા વાહનોનું નિદર્શન કરાવવામાં આવ્યું હતું અને સમજ આપવામાં આવી હતી. તે ઉપરાંત બાળકોને ખીલી બનાવવાના મશીન તથા લોખંડના હુક બનાવવાના મશીન બતાવવામાં આવ્યા હતા. તે ઉપરાંત સરસપુર આઈ.ટી.આઈ માં અલગ અલગ 20 પ્રકારના તાલીમી અભ્યાસક્રમ ચાલે છે જેની અમારી શાળાના બાળકોને સમજ આપવામાં આવી હતી અને અહીંયા થી તાલીમ મેળવી બાળકોને પ્લેસમેન્ટના પણ ચાન્સ મળે છે તે બાબતે બાળકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. અમારી શાળાના બાળકોએ ખૂબ જ રસપ્રદ રીતે આ આઈટીઆઈમાં દરેક વસ્તુને નિહાળી હતી અને ખૂબ જ સારી રીતે શાંતિથી સમજ મેળવી હતી.

તા. 19/2/2024

સોમવાર

## ~ જૂથ પ્રમાણે વેસ્ટમાથી બેસ્ટ અને ઈનોવેશનલ શાળા તથા વર્ગ સુશોભન અને શણગાર કાર્ય.

19/2/2024 ને સોમવારના રોજ અમારી શાળા અસારવા ગુજરાતી શાળા નંબર 2 માં પ્રિ વોકેશનલ (બેગલેસ) પ્રવૃતિઓ અંતર્ગત જૂથ પ્રમાણે વિવિધ વેસ્ટ માંથી બેસ્ટ પ્રવૃત્તિઓ જેવી કે પ્લાસ્ટિકની બોટલ માંથી ડિઝાઇનર કપ, ફૂલદાની, પ્લાસ્ટિકમાંથી કેટલાક રમકડા તથા કાગળ માંથી વિવિધ વસ્તુઓ જેવી કે વિમાન ફૂલદાની હોળી કેમેરો સ્ટ્રેટ લાઈટ તે ઉપરાંત પ્લાસ્ટિક અને કાગળ ના પૂંઠામાંથી વોટર પ્યુરીફિકેશન સિસ્ટમ તથા કાચ અને કાગળના પુંઠાનો ઉપયોગ કરીને રેત ઘડી બનાવવામાં આવી હતી. તથા કાગળના પુઠામાંથી બાળકોએ રેલગાડી ટ્રક વગેરે જેવા નમૂના બનાવ્યા હતા. આમ બાળકોએ વેસ્ટ માંથી બેસ્ટ માં ખૂબ જ રસપ્રદ નમુના બનાવ્યા હતા. તે ઉપરાંત બાળકોએ વર્ગ સુશોભનની પ્રવૃત્તિ પણ કરી હતી. ખૂબ જ સુંદર રીતે વર્ગને શણગારવામાં આવ્યો હતો. તથા આ નમૂનાનો ઉપયોગ કરીને કેટલાક ઇનોવેટિવ આઈડિયા વાપરીને આવા મોટા મોડલ બનાવી શકાય જેથી આપણી આસપાસના વાતાવરણમાંથી પ્લાસ્ટિકને દૂર કરી શકાય અને પ્લાસ્ટિકમાંથી ઉપયોગી વસ્તુ બનાવી શકાય જેથી પ્લાસ્ટિકના પ્રદૂષણને અટકાવી શકાય તથા કાગળ નું  કરી શકાય. આમ બાળકો એ ખૂબ જ સુંદર રીતે આ બધી જ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો અને બાળકોને ખૂબ જ મજા આવી હતી અને આ બધી વસ્તુઓ ની બનાવટ દ્વારા બાળકો રહેલી ક્રિએટિવિટી પણ બહાર આવી હતી.